ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

નેપાળમાં વિનાશક પૂર | નડિયાદ અને આણંદના પરિવારજનો સંપર્ક વિહોણા થતાં વતનમાં ચિંતાના વાદળો

ચરોતરમાં પાંચ એનઆરઆઈ વ્યક્તિ નેપાળમાં પૂર બાદ સંપર્ક વિહોણા બન્યાં

કેનેડા-અમેરિકાનું નાગરિકત્વ ધરાવતા નડિયાદના 3 અને આણંદનું દંપતી હોનારતમાં અટવાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૭

નેપાળમાં અતિભારે વરસાદ બાદ સર્જાયેલી ભયંકર પૂરની હોનારત વચ્ચે ચરોતરના પાંચ નાગરિકો ગુમ થયા હોવાના ચિંતાજનક અહેવાલ સામે આવ્યા છે. જેમાં નડિયાદ શહેરના ૩ અને આણંદના ૨ વ્યક્તિઓ પૂર બાદ છેલ્લા કેટલાક સમયથી સંપર્ક વિહોણા બન્યા છે. આ તમામ લોકો વિદેશી નાગરિકત્વ ધરાવતા હોવા છતાં મૂળ ચરોતરના હોવાથી તેમના વતન અને પરિચિતોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે અને સૌ કોઈ તેમની સલામતી માટે પ્રાર્થના કરી રહ્યા છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા નેપાળના સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન સાધીને તેમની શોધખોળ માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

નડિયાદમાં દેસાઈ વાડી પાસે આવેલી ભવાનીદાસની ખડકીમાં રહેતા ઉમેશ ભોગીલાલ પટેલ અને આકાંક્ષાબેન ઉમેશ પટેલ (બંને કેનેડિયન નાગરિક) તેમજ તેમની સાથે અમેરિકાનું નાગરિકત્વ ધરાવતા ઈશાન પટેલ દિલ્હીથી ફ્લાઈટ મારફતે નેપાળ પ્રવાસે ગયા હતા. નેપાળમાં અચાનક પૂરની સ્થિતિ સર્જાતા અને સંચાર સેવાઓ ખોરવાઈ જતાં, ગત ૨૫CR ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સાંજે ૭ વાગ્યે છેલ્લી વાતચીત થયા બાદથી તેમનો કોઈ સંપર્ક થઈ શક્યો નથી. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના કંટ્રોલ રૂમમાં આ અંગે પાર્થ કાંતિભાઈ પટેલ દ્વારા જાણ કરવામાં આવી છે.

નેપાળ પ્રવાસે ગયેલા કે ફસાયેલા નાગરિકોની માહિતી માટે પરિવારજનો આણંદ જિલ્લા કંટ્રોલરૂમ નં. 02692-243222, 269788, 269885 અથવા હેલ્પલાઈન નં. 1077 પર સંપર્ક કરી શકે છે.

નેપાળથી માનસરોવર યાત્રા માટે ચાઈના વિઝા લેવા તેઓ એમ્બેસી પહોંચ્યા

આણંદના મૂળ વતની અને અમેરિકામાં સ્થાયી થયેલા વિમલ પટેલ અને તેમના પત્ની જૈમીના પટેલ ગત ૨૮ જુલાઈએ પોતાના ૧૧ વર્ષના દીકરા સાથે વતનમાં આવ્યા હતા. તેઓ પોતાના પુત્રને પરિવારજનો પાસે મૂકીને ૧૬મી ઓગસ્ટના રોજ 'નમસ્તે નેપાલ ટુર એન્ડ ટ્રાવેલ્સ' મારફતે નેપાળ પ્રવાસે ગયા હતા. નેપાળથી માનસરોવર યાત્રા માટે ચાઈના વિઝા લેવા તેઓ એમ્બેસી પહોંચ્યા તે દરમિયાન હોનારત સર્જાતા તેમનો સંપર્ક તૂટી ગયો હતો. રવિવારે છેલ્લી વાર પરિવાર સાથે વાત થયા બાદ કોઈ ભાળ ન મળતા પરિવારે ડિઝાસ્ટર વિભાગ ઉપરાંત સ્થાનિક સાંસદ અને ધારાસભ્યોને પણ મદદ માટે અપીલ કરી છે.

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ૨૨મીએ યુથ ફેસ્ટિવલ યોજાશે

યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા કેટલાક નવા ઇવેન્ટ્સનો ઉમેરો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા, કલાત્મક પ્રતિભા અને વિવિધ કૌશલ્યોને વિકસાવવાના હેતુથી આગામી તારીખ ૨૨મીથી ૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન આંતર કોલેજ યુથ ફેસ્ટિવલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સાંસ્કૃતિક મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે-સાથે કલા ક્ષેત્રે પોતાની પ્રતિભા રજૂ કરવા માટે યોગ્ય મંચ પૂરો પાડવાનો છે. આ સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, ટીમવર્ક અને નેતૃત્વ ક્ષમતા જેવા મહત્વપૂર્ણ ગુણોનો વિકાસ થશે.

સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજો અને યુનિવર્સિટી વિભાગોના વિદ્યાર્થીઓ આ મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લઈ શકશે. આ વર્ષે યુથ ફેસ્ટિવલને વધુ આકર્ષક બનાવવા માટે કેટલાક નવા ઈવેન્ટ્સનો પણ સમાવેશ કરાયો છે, જેથી અલગ-અલગ કોલેજના વિદ્યાર્થીઓ વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને પરસ્પર મિત્રતાની ભાવના મજબૂત બને.

આથી, રસ ધરાવતા વિદ્યાર્થીઓએ જરૂરી માહિતી પૂર્ણ કરીને ૦૫મી સપ્ટેમ્બર સુધીમાં યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગની કાર્યાલયમાં ફોર્મ અચૂક જમા કરાવી દેવાના રહેશે. આ સ્પર્ધાઓના વિવિધ કાર્યક્રમો, નિયમો અને માર્ગદર્શિકા યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

નડિયાદના સંસ્કાર નગરમાં જુગાર રમતા આઠ પકડાયાં

રહેણાંક મકાનમાં ચાલતા જુગારના અડ્ડા પર રેડ પાડતા અફડા તફડી મચી

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૨૭

નડિયાદ ટાઉન પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ડાકોર રોડ પર આવેલા સંસ્કાર નગરમાં એક રહેણાંક મકાન પર દરોડો પાડી જુગાર રમતા આઠ જુગારીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી જુગાર રમવાના સાધનો અને રૂ. ૨૬,૩૧૦ની રોકડ રકમ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદ ટાઉન પોલીસ રાત્રે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, સંસ્કાર નગરમાં રહેતો મીત મારવાડી સરગરા પોતાના મકાનમાં બહારના માણસોને બોલાવી પત્તા પાનાનો જુગાર રમાડે છે. બાતમીના આધારે પોલીસે મકાનમાં રેડ પાડતા પત્તા પાનાનો હારજીતનો જુગાર રમતા આઠ શખ્સો રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

આ શખસોની પુછપરછ કરતાં મીત ઉર્ફે શાંતિયો દિપક મારવાડી સરગરા, હિતેશ નારણભાઈ મારવાડી, વિજય રમેશભાઈ મારવાડી સરગરા, મુકેશ લીલાજી સરગરા, હિતેશ રણછોડભાઈ સરગરા, દિનેશકુમાર વશનાજી સરગરા, ગોપારામ ઉર્ફે ગોપાલ સમેલાજી મારવાડી તેમજ વિશાલ નારણભાઈ સરગરાનો સમાવેશ થાય છે. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદમાં વેરિફિકેશનથી પેમેન્ટ સુધી અનેક અરજીઓ અટવાઈ હોવાથી મુશ્કેલી વધી

આણંદના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની ચૂકવવા, અરજીનો નિકાલ કરવા માંગ

ફી, હોસ્ટેલ અને અભ્યાસના ખર્ચ વચ્ચે આર્થિક મુશ્કેલી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

આણંદ જિલ્લામાં વિવિધ શાળા, કોલેજ અને યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની બાકી રહેલી શિષ્યવૃત્તિની રકમ તાત્કાલિક ચૂકવવા તેમજ લાંબા સમયથી પેન્ડિંગ રહેલી અરજીઓનો ઝડપી નિકાલ કરવા વિદ્યાર્થીઓ દ્વારા માંગ કરવામાં આવી છે. સરકારી શિષ્યવૃત્તિ પર નિર્ભર આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સમયસર સહાય ન મળતાં અભ્યાસ ખર્ચને પહોંચી વળવામાં મુશ્કેલી પડી રહી છે.

વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ, SC, ST, SEBC, EWS સહિત વિવિધ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ સરકારની અલગ-અલગ શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ ઓનલાઈન અરજીઓ કરી છે. શિક્ષણ વિભાગ અંતર્ગત આવતી MYSY, CMSS તેમજ આદિજાતિ વિકાસ અને સમાજ કલ્યાણ વિભાગની પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ માટે અરજીઓ કરવામાં આવી હોવા છતાં અનેક વિદ્યાર્થીઓને હજુ સુધી મળવાપાત્ર સહાયની રકમ તેમના બેંક ખાતામાં જમા થઈ નથી.

વિદ્યાર્થીઓએ જણાવ્યું છે કે કેટલીક અરજીઓ લાંબા સમયથી વેરિફિકેશન, મંજૂરી અથવા પેમેન્ટના તબક્કે પેન્ડિંગ હોવાનું પોર્ટલ પર દર્શાવવામાં આવે છે. પરિણામે અરજી કર્યાના લાંબા સમય બાદ પણ શિષ્યવૃત્તિની રકમ ક્યારે મળશે તે અંગે વિદ્યાર્થીઓ અવઢવમાં છે. ખાસ કરીને નવા શૈક્ષણિક સત્ર દરમિયાન ફી ભરવાની અને અભ્યાસસામગ્રી ખરીદવાની જરૂરિયાત ઊભી થતાં સમસ્યા વધુ ગંભીર બની છે.

આ ઉપરાંત બેંક ખાતા સંબંધિત વિગતો, DBT પ્રક્રિયા, આધાર-બેંક લિન્કિંગ, NPCI મેપિંગ તથા અન્ય ટેકનિકલ કારણોસર પણ કેટલીક અરજીઓની ચુકવણી અટકી હોવાનું વિદ્યાર્થીઓ જણાવી રહ્યા છે. આવા કિસ્સામાં વિદ્યાર્થીઓએ જરૂરી સુધારા કર્યા બાદ પણ પેમેન્ટ પ્રક્રિયા પૂર્ણ થવામાં વિલંબ થતો હોવાની ફરિયાદ ઉઠી છે.

વિદ્યાર્થીઓએ શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખીને સંબંધિત વિભાગો દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરી પેન્ડિંગ અરજીઓની ચકાસણી, જરૂરી સુધારા અને મંજૂરીની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા માંગ કરી છે. સાથે જ મંજૂર થયેલી તમામ શિષ્યવૃત્તિની બાકી રકમ સત્વરે વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવે અને ટેકનિકલ અથવા બેંકિંગ કારણોસર અટકેલી અરજીઓ માટે સરળ ફરિયાદ નિવારણ વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

કડાણામાં કારમાંથી ૩.૯૨ લાખનો વિદેશી દારૂ ઝબ્બે

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૭

મહિસાગર જિલ્લાના ડીટવાસ પોલીસ મથકની ટીમે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે નવી ગોધર ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરી હતી. આ દરમિયાન રાજસ્થાનથી વિદેશી દારૂ ભરીને આવતી ક્રેટા કારને આંતરીને પોલીસે ૩.૯૨ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ૯.૦૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચાલકની ધરપકડ કરી છે.

ડીટવાસ પોલીસ પેટ્રોલિંગમાં હતો ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે એક સફેદ ક્રેટા ગાડી (નંબર RJ-20-CK-0808) માં રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરીને સરસવા ઉત્તર થઈ ગોધર તરફ લઈ જવાઈ રહ્યો છે. પોલીસે ગોધર ત્રણ રસ્તા પાસે વાહનોની આડાશ કરી નાકાબંધી ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ કાર આવતા પોલીસે તેને રોકવા ઈશારો કર્યો હતો. જોકે, ચાલકે કાર રિવર્સ કરી ભગાવવા જતાં તે ગટરમાં ઉતરી ગઈ હતી અને ભાગવા જતાં ચાલકને પોલીસે ઝડપી લીધો હતો.

આ અંગે પોલીસે પંચોની હાજરીમાં કારની તપાસ કરતાં તેમાંથી અલગ-અલગ બ્રાન્ડના બિયર ટીન તથા પ્લાસ્ટિકના ક્વાટરિયા મળી કુલ ૧,૩૪૪ બોટલ વિદેશી દારૂ (કિંમત ૩,૯૨,૬૪૦/-) મળી આવ્યો હતો. પોલીસે ૫ લાખની કિંમત ધરાવતી ક્રેટા કાર, ૧૦,૦૦૦/- નો મોબાઈલ ફોન અને દારૂ મળી કુલ ૯,૦૨,૬૪૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે ઠાકરારામ મંગનારામ જાટ (ઉં.વ. ૩૦, રહે. બાઈતુ, જી. બાડમેર, રાજસ્થાન) વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદની પીજ ચોકડી નજીક ખુલ્લી ગટરથી અકસ્માતનો ભય

શાક માર્કેટ અને ફેક્ટરી હોવાના કારણે સ્ત્રીઓ, બાળકો અને વાહનોની ભારે અવરજવર છતાં સત્તાધીશો નિષ્ક્રિય

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૭

નડિયાદની વ્યસ્ત પીજ ચોકડી પાસે છેલ્લા બે માસથી એક ગટર ખુલ્લી હાલતમાં હોવાથી તે રાહદારીઓ અને વાહનચાલકો માટે મોતનું મુખ અને યમરાજનું દ્વાર બનીને ઊભી છે. આ માર્ગ પરથી દરરોજ હજારો લોકો પસાર થાય છે, પરંતુ સત્તાધીશો જાણે કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યા હોય તેમ આ જોખમ પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યા છે.

નડિયાદની પીજ ચોકડી પાસે ખુલ્લી ગટરની બિલકુલ નજીકમાં જ શાક માર્કેટ આવેલું હોવાથી અહીં સ્ત્રીઓ અને બાળકોની સતત અવરજવર રહે છે. આ ઉપરાંત, નજીકમાં જ નમકીન ફેક્ટરી આવેલી હોવાને કારણે આ રોડ પરથી માલવાહક વાહનો અને અન્ય ટ્રાફિકનું ભારણ પણ ખૂબ વધારે રહે છે. દિવસના સમયે તો આ ગટર દેખાય છે, પરંતુ રાત્રિના અંધકારમાં વાહનચાલકો માટે આ ખુલ્લી ગટર સાક્ષાત 'મોતનો કૂવો' સાબિત થઈ રહી છે.

સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, ખુલ્લી ગટર પર માત્ર કહેવા પૂરતી જ વોર્નિંગ (ચેતવણી) મૂકવામાં આવી છે, જે અકસ્માત નિવારવા માટે પૂરતી નથી. હવે અહીં વરસાદમાં પાણી ભરાવાને કારણે જો આ ગટર દેખાશે નહીં, તો ક્યારે મોટી હોનારત સર્જાશે ? તે કહેવું મુશ્કેલ છે. સ્થાનિક નાગરિકો રોષપૂર્વક સવાલ ઉઠાવી રહ્યા છે કે, આખરે 'ગતિશીલ ગુજરાત'નું આ તંત્ર ક્યારે જાગશે અને કોઈનો ભોગ લેવાય તે પહેલાં આ ગટર બંધ કરશે ?

લાંભવેલ મંદિરનો ₹૯.૫૫ કરોડના ખર્ચે કાયાકલ્પ થશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

આણંદ જિલ્લાના લાખો શ્રદ્ધાળુઓની આસ્થાના પ્રતીક સમાન સુપ્રસિદ્ધ યાત્રાધામ લાંભવેલ સ્થિત હનુમાનજી મંદિરના સર્વાંગી વિકાસ માટે આણંદ જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી દ્વારા રૂ. ૯૫૫.૫૨ લાખ (આશરે રૂ. ૯.૫૫ કરોડ) ની માતબર રકમની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આ પ્રસ્તાવને આખરી મંજૂરી અર્થે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને મોકલી આપવામાં આવ્યો છે.

આણંદના લાંભવેલ હનુમાનજી મંદિર ખાતે દિન-પ્રતિદિન ભક્તોની સંખ્યામાં મોટો વધારો થઈ રહ્યો છે. આ બાબતને ધ્યાને રાખીને શ્રદ્ધાળુઓને ઉચ્ચ કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકારમાં સક્રિય રજૂઆતો કરવામાં આવી હતી. આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને લેખિતમાં રજૂઆત કરી હતી, જેના અનુસંધાનમાં નાયબ મુખ્યમંત્રીએ આ દરખાસ્તને ટૂંક સમયમાં જ મંજૂર કરવાની ખાતરી આપી છે.

યાત્રાધામમાં માળખાગત સુવિધાઓના સુદ્રઢીકરણ અને ધાર્મિક પ્રવાસનને વેગ આપવાના ઉદ્દેશ્યથી કલેક્ટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લાંભવેલ મંદિરના વિકાસ માટેના રૂ. ૯.૫૫ કરોડના આ અંદાજિત ખર્ચના પ્રસ્તાવને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ હેઠળ મંદિરે આવતા હજારો શ્રદ્ધાળુઓની સુવિધા માટે માળખાગત સુધારા, આધુનિકીકરણ અને સમગ્ર મંદિર પરિસરના સૌંદર્યીકરણના કાર્યો સુયોજિત આયોજન સાથે હાથ ધરવામાં આવશે.

નડિયાદમાં ધૂમ બાઈકની ટક્કરે મંદિર જઈ રહેલા વૃદ્ધાનું મોત

નડિયાદ ટાઉન પોલીસે બાઇક ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૭

નડિયાદ શહેરના પેટલાદ રોડ પર રિલાયન્સ મોલ સામેથી પસાર થઈ રહેલા એક ૮૧ વર્ષીય વૃદ્ધાને મોટરસાયકલે જોરદાર ટક્કર મારતા ગંભીર ઈજાઓ થઈ હતી, જેમનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજ્યું છે. આ અકસ્માત અંગે નડિયાદ ટાઉન પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

નડિયાદના સંતરામ ડેરી પાછળ આવેલ કિષ્ના બંગ્લોઝમાં રહેતા મંજુલાબેન શશીકાંત પરીખ (ઉં.વ. ૮૧) ગત ૨૬મી ઓગષ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ઘરેથી મંદિર જવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન નડિયાદ-પેટલાદ રોડ પર રિલાયન્સ મોલ સામેથી પસાર થતી વખતે એક મોટરસાયકલે તેમને ટક્કર મારી હતી, જેના કારણે તેઓ રોડ પર પટકાયા હતા અને તેમના માથા તેમજ શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક પવન દેવાંગભાઈ દેસાઈને પણ ઈજાઓ થતાં તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.

આ અકસ્માતની જાણ થતાં જ વૃદ્ધાના પુત્ર તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત મંજુલાબેનને સારવાર માટે પ્રથમ નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. ત્યાંથી વધુ સારવાર માટે તેઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ ઝાયડસ હોસ્પિટલ, આણંદ ખાતે રીફર કરવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે હિતેશભાઈ શશીકાંત પરીખની ફરિયાદના આધારે નડિયાદ ટાઉન પોલીસે બાઈક ચાલક પવન દેવાંગભાઈ દેસાઈ સામે ગુનો નોંધ્યો હતો.

તારાપુરમાંથી ગુમ થયેલા બે માસૂમ ભાઈ કલાકોમાં હેમખેમ મળ્યાં

પોલીસે ૨૦ સીસીટીવી કેમેરા, ૫ સ્પેશિયલ પોલીસ ટીમો અને ટેકનોલોજીનો સચોટ ઉપયોગ

(પ્રતિનિધિ) તારાપુર તા.૨૭

તારાપુર પોલીસ સ્ટેશન વિસ્તારના મોરજ રોડ પરથી ગુમ થયેલા બે સગા ભાઈઓને પોલીસે ગણતરીના કલાકોમાં જ, મધ્યરાત્રિએ અંદાજે ૧:૦૦ વાગ્યે એ.પી.એમ.સી.ના પાછળના ભાગમાંથી સહી-સલામત શોધી કાઢ્યા છે. 'ઓપરેશન મુસ્કાન' હેઠળ એક્શન મોડમાં આવેલી તારાપુર પોલીસે આધુનિક ટેકનોલોજી અને લોકલ નેટવર્કના સમન્વયથી આ બંને માસૂમોનું પરિવાર સાથે સુખદ મિલન કરાવીને પ્રશંસનીય કામગીરી કરી છે.

તારાપુરના મોરજ રોડ પર રહેતા અંબાલાલ નારણભાઈ સોલંકીના બે પુત્રો (ઉંમર વર્ષ ૧૧ અને બીજો પુત્ર ઉંમર વર્ષ ૫) તારાપુર-મોરજ રોડ પર આવેલા લાકડાના પીઠા પાસે બપોરના સમયે રમી રહ્યા હતા. સાંજ પડવા છતાં બંને બાળકો ઘરે પરત ન ફરતા અને આસપાસ તપાસ કરવા છતાં કોઈ ભાળ ન મળતા ગભરાયેલા પિતાએ તારાપુર પોલીસ સ્ટેશન ખાતે આવીને બાળકો ગુમ થયા અંગેની જાણ કરી હતી.

આ મામલાને પોલીસે અત્યંત સંવેદનશીલ અને ગંભીરતાથી લઈ તુરંત જ યુદ્ધના ધોરણે આયોજન કર્યું હતું. સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં પ્રાથમિક તપાસમાં થતા વિલંબને ટાળીને, પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. ગોહિલની આગેવાનીમાં તાત્કાલિક ધોરણે કુલ-૫ સ્પેશિયલ પોલીસ ટીમો બનાવવામાં આવી હતી.

આ ટીમોએ સમગ્ર વિસ્તારને કવર કરતા કુલ-૨૦ જેટલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ઝીણવટપૂર્વક તપાસ્યા હતા, સાથે જ હ્યુમન સોર્સીસ અને આધુનિક ટેકનોલોજીનો સક્રિય ઉપયોગ કર્યો હતો. આ આયોજનબદ્ધ ઓપરેશનના પરિણામે રાત્રિના અંદાજે ૧:૦૦ વાગ્યાના સુમારે બંને માસૂમ બાળકો તારાપુર એપીએમસીના પાછળના ભાગમાંથી સંપૂર્ણપણે સુરક્ષિત હાલતમાં મળી આવ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225